પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 22-11-2026 **EVENING: 7.10 TO 7.20**

Day : SUNDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

****

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિકસિત ભારત બનાવવામાં ગુજરાત સૌથી મોટુ યોગદાન આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.
2) શ્રમ અને રોજગાર મંત્રાલયની બે દિવસીય ચિંતન શિબિરનું આજે ગાંધીનગરમાં સમાપન થયું.
3) જુનાગઢના કેશોદ નજીક એક માર્ગ અકસ્માતમાં ત્રણ લોકોના મોત.
4) ગુજરાતી સાહિત્યના પ્રતિષ્ઠિત કવિ, ગઝલકાર અને વિવેચક રાજેન્દ્ર શુક્લનું 84 વર્ષની વયે અવસાન.
5) રાજ્યમાં આગામી ત્રણ દિવસ ઠંડીમાં આંશિક ઘટાડો થવાની આગાહી.
6) ક્રિકેટમાં, એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ ટુર્નામેન્ટમાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે મુકાબલો.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

PM BJP SNEHMILAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિકસિત ભારત બનાવવામાં ગુજરાત સૌથી મોટુ યોગદાન આપશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. રાજ્યની 182 વિધાનસભા બેઠકો પર આજે યોજાયેલા ભાજપના નૂતન વર્ષ સ્નેહમિલનમાં વર્ચ્યુઅલી સંબોધન કરતા તેમણે આ વાત કહી હતી.

(બાઇટ: નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી) PM VIKSHIT BHARAT

તેમણે જણાવ્યું કે ગુજરાતનાં વિકાસથી દેશનો વિકાસ શક્ય છે. તેમણે ઉમેર્યું કે આજે ગુજરાતની નોંધ વિશ્વ કક્ષાએ લેવાઈ છે અને ગુજરાતનાં આ કાયાકલ્પમાં ભાજપના કાર્યકરોની મહત્વની ભૂમિકા છે. શ્રી મોદીએ જણાવ્યું કે આજે ગુજરાત સેમિકંડક્ટર, ઑટોમોબાઇલ સહિત તમામ ક્ષેત્રે અવ્વલ છે.

(બાઇટ : નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)PM IN GUJARAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદના ઘાટલોડિયા વિધાનસભા બેઠક પર જ્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સુરતની મજુરા વિધાનસભા બેઠક પર યોજાયેલા સ્નેહ મિલન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા.

CHINTAN SHIBIR

શ્રમ અને રોજગાર મંત્રાલયની બે દિવસીય ચિંતન શિબિરનું આજે ગાંધીનગરમાં સમાપન થયું. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ શિબિરમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના રોજગાર મંત્રી ઉપસ્થિત રહ્યા. જેમાં બે દિવસ દરમિયાન દેશની શ્રમ અને રોજગાર સામાજિક સુરક્ષા, રોજગાર સર્જન તેમજ શ્રમ સંહિતા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી. આ પ્રસંગે યુવાઓ માટે રાષ્ટ્રીય કારકિર્દી સેવા-NCS પોર્ટલની પણ શરૂઆત કરવામાં આવી. શ્રી માંડવિયાએ જણાવ્યું કે આ પોર્ટલ દ્વારા યુવાનોને રોજગાર સંબંધિત માહિતી સરળતાથી મળી શકશે.

(બાઇટ : ડૉ. મનસુખ માંડવિયા, કેન્દ્રીય મંત્રી)

POLIO CAMPAIGN

આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ આજે સુરતના કામરેજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતેથી 'પલ્સ પોલિયો અભિયાન-2026'નો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે જિલ્લાના તમામ નાગરિકોને સોસાયટી, મહોલ્લામાં સ્થિત પોલિયો રસીકરણ બૂથનો લાભ લઈ પોતાના પાંચ વર્ષ સુધીના બાળકોને અચૂક પોલિયોની રસી આપવા અનુરોધ કર્યો.

(બાઇટ : પ્રફુલ પાનશેરીયા, આરોગ્ય રાજ્ય મંત્રી)

ANAND VACCINATION CAMPAIGN

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પોલિયો રસીકરણ ઝુંબેશ હાથ ધરવામાં આવ્યું છે.ત્યારે આજે આણંદના ગણેશ ચોકડી વિસ્તારના આરોગ્ય કેન્દ્ર ખાતે જિલ્લા કલેકટર ઉત્સવ ગૌતમ અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી દેવાહુતી દ્વારા 0 થી 5 વર્ષ સુધીના ભૂલકાઓને બે ટીપા પોલીયોની રસીના પીવડાવીને પોલિયો અભિયાનની શરૂઆત કરાવી હતી. તેમણે બાળકોને પોલિયોની રસી પીવડાવી દેશને પોલીયો મુક્ત બનાવવામાં યોગદાન આપવા સૌને અનુરોધ કર્યો હતો. આવતીકાલે અને 24 તારીખે બાકી રહેલા બાળકોને આરોગ્ય-કર્મી, અને વિવિધ ટીમ દ્વારા ઘરે-ઘરે જઈને પોલિયોનાં બે ટીપા પીવડાવવામાં આવશે.

JUNAGADH ACCIDENT

જુનાગઢ જિલ્લાના કેશોદ નજીક આજે વહેલી સવારે એક માર્ગ અકસ્માતમાં ત્રણ વ્યક્તિઓના મોત થયા છે. કેશોદ નજીક ખમીદાના ગામે આજે વહેલી સવારે 5 કલાકે એક કાર પલટી મારી જતા કાર સળગી ઊઠી હતી અને કારમાં સવાર ચાર પૈકી ત્રણ લોકોના મોત નીપજયાં હતા જ્યારે એક યુવતીનો આબાદ બચાવ થયો હોવાનું પોલીસ ઇન્સ્પેક્ટર એમ ડી ચૌધરીએ જણાવ્યું.

(બાઇટ : એમ ડી ચૌધરી, PI)

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

CIVIL ORGAN

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં 262માં અંગદાનથી 5 જરૂરિયાતમંદોને નવજીવન મળશે. જેમાં 1 લીવર, 2 કિડની અને 2 આંખોના દાનનો સમાવેશ થયો છે. સિવિલ હોસ્પિટલને અત્યાર સુધીમાં 871 અંગો અને 266 પેશીઓ મળી કુલ 1,137 દાન પ્રાપ્ત થયાં છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના તબીબી અધિક્ષક, ડો. રાકેશ જોશી એ જણાવ્યુ કે હોસ્પિટલની ટીમ અને કાઉન્સેલર્સની નિષ્ઠા તેમજ સમાજમાં વધી રહેલી જાગૃતિને કારણે અંગદાન થકી અનેક લોકોને નવું જીવન મળ્યું છે.

AHM MOBILITY CONFERENCE

અમદાવાદના અંધજન મંડળ ખાતે ત્રણ દિવસીય આંતરરાષ્ટ્રીય મોબિલિટી પરિષદનું આયોજન કરવામાં આવ્યું. જેમાં 24 દેશોના અંદાજે 200 નિષ્ણાતો જોડાયા આ પરિષદમાં AI સ્માર્ટ કેન ગૂગલ મેપ્સ અને ઓડિયો ગાઈડન્સ જેવા આધુનિક ઉપકરણો થકી દ્રષ્ટિ બાધિતોની અવરજવર સુરક્ષિત બનાવવા પર ભાર મુકાયો. આ અંગે બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઇસ ચાન્સલર અમી ઉપાધ્યાયે વધુ માહિતી આપી.

(બાઇટ : અમી ઉપાધ્યાય, VC)

RAJENDRA SHUKLA DEMISE

ગુજરાતી સાહિત્યના પ્રતિષ્ઠિત કવિ, ગઝલકાર અને વિવેચક રાજેન્દ્ર શુક્લનું આજે 84 વર્ષની વયે અમદાવાદમાં અવસાન થયું. જુનાગઢના બાંટવા ગામે જન્મેલા રાજેન્દ્ર શુક્લને ગુજરાતી સાહિત્યમાં તેમના અવિસ્મરણીય યોગદાન બદલ પ્રતિષ્ઠિત સન્માનો પ્રાપ્ત થયા. જેમાં 2006માં રણજિતરામ સુવર્ણચંદ્રક અને નરસિંહ મહેતા એવોર્ડ, તેમજ 2007માં તેમના ગ્રંથ 'ગઝલસંહિતા' માટે રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કારનો સમાવેશ થાય છે. તેમના સાહિત્ય સર્જનમાં ગિરનારની તળેટી, સૌરાષ્ટ્રની સંસ્કૃતિ નરસિંહ મહેતાની કવિતાનો ઉંડો પ્રભાવ જોવા મળે છે.

BHARUCH VEHICLES SEIZED

ભરૂચના દહેજ, આમોદ-જંબુસર તેમજ ઝઘડિયા-રાજપીપળા રોડ પર ખનિજ વહન કરતા વાહનોનું આકસ્મિક ચેકીંગ હાથ ધરવામાં આવ્યું. આ તપાસ દરમિયાન 1 કરોડ 70 લાખ રૂપિયાનો મુદ્દામાલ તથા 12 લાખથી વધુ રૂપિયાની રોકડ રકમ જપ્ત કરવામાં આવી.

અમારા ભરુચ જિલ્લાના પ્રતિનિધિના જણાવ્યા અનુસાર ચેકિંગ દરમિયાન ચાર વાહનોમાં ખનિજનું બિનઅધિકૃત વહન થતું હતું, જ્યારે અન્ય બે વાહનો બ્લેકટ્રેપ ખનિજનું બિનઅધિકૃત વહન કરતા ઝડપાયા હતા. ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ વિભાગ દ્વારા વાહનોને સીઝ કરવામાં આવ્યા છે.

WEATHER FC

રાજ્યમાં આગામી ત્રણ દિવસ ઠંડીમાં આંશિક ઘટાડો થયો. હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું કે, આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો નોંધાઈ શકે છે.

અત્યારે ઉત્તર પૂર્વના પવનો ફૂંકાઈ રહ્યા છે. આગામી દિવસમાં વરસાદની કોઈપણ પ્રકારની સંભાવના જોવા મળી રહી નથી. મહત્તમ તાપમાનમાં કોઈપણ પ્રકારનો બદલાવ આગામી સમયમાં જોવા મળશે નહીં તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

(બાઇટ : અભિમન્યુ ચૌહાણ, વૈજ્ઞાનિક)

TRAIN SCHEDULE

પશ્ચિમ રેલવે દ્વારા, રાજકોટ સ્ટેશનના યાર્ડમાં વિકાસના કાર્યો હાથ ધરવામાં આવ્યા હોવાથી રેલ વ્યવહારમાં મહત્વપૂર્ણ ફેરફાર કરાયો છે. જે અંતર્ગત રાજકોટ-પોરબંદર-રાજકોટ પેસેન્જર આગામી 24 નવેમ્બરથી 28 ડિસેમ્બર, 2026 સુધી કુલ 35 દિવસ માટે રાજકોટને બદલે ભક્તિનગર સ્ટેશનથી જ ઉપડશે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાએ માહિતી આપતા જણાવ્યું છે કે, મુસાફરોની સુવિધા જળવાઈ રહે અને રેલ સંચાલન સુચારુ રીતે ચાલે તે હેતુથી આ નિર્ણય લેવાયો છે.

CRICKET - RISING STARS

ક્રિકેટમાં, કતારના દોહામાં એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ ટુર્નામેન્ટના ગ્રુપ સ્ટેજ મેચમાં, જ્યારે છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે, પાકિસ્તાન 'એ' ના ભારત 'એ' સામે 47 ઓવરમાં 7 વિકેટે 301 રન થયા હતા. અગાઉ, પાકિસ્તાન 'એ' એ ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારત 'એ' એ શુક્રવારે નેપાળ સામે 306 રનના શાનદાર વિજય સાથે તેના અભિયાનની શરૂઆત કરી હતી, જ્યારે પાકિસ્તાન 'એ' એ તેની શરૂઆતની મેચમાં સંયુક્ત આરબ અમીરાતને 61 રનથી હરાવ્યું હતું. બંને ટીમો પોતાની જીતની લય જાળવી રાખવા અને ટુર્નામેન્ટમાં પોતાની સ્થિતિ મજબૂત કરવાનો પ્રયાસ કરશે.